Sports, Ministry of textile, and Ministry of Defense.

*Surat : On tuesday board exams has started, SSC an political party's activist welcome to students at exam*

# Success will come from hard work not by luck: Faruk patel



**SURAT:** Success will come from hard work not by luck these words came from Chairman and Managing Director of Surat KP Engergy Ltd. (KP Group) Farkuk Patel. Mr. Patel appears as Chief Gust at A. Y. Dadabhai Technical Institute, Kosamba, where The entrepreneurship awareness workshop on Tuesday.programme was organized.

Mr. Faruk Patel shared his personal experienced with student who were present at there. Faruk Patel told students that first set to your Goal and try on right direction, that result will come. he said that he is the son of bus conductor whose salary is just 12,000/- per month, I was an average student, I was not successful in STD 12th, but one thing is in my mind that I will do something and I got it, then first I started KP Transport, KP Construction and than Buildcom and now I am a Managing Director of Morethan 250 crore Rs. worth's Company Solarism and KP Energy. he emphasized that you give credit to your boss in job and in business you give credit to your staff.

W



*The v Scarc the m lem i whic an in actio be ta by th*

"SUSHILA TIMES" (DAILY) SURAT. Owner, Publisher, Printer & Editor- Rajendra Dinka
Published at -U-24, Savera Complex, Opp. Krishna Petrol Pump, Khatodara

# સફળતા નસીબથી જ નથી મળતી, તેના માટે મહેનત જરૂરી છે- ફારુક પટેલ

### એ.વાય. દાદાભાઈ ટેક્નિકલ ઇન્સિટ્યુટ, કોસંબામાં યોજાયો સાહસિકતા જાગૃતિ પર વર્કશોપ



**કોસંબા**

કોસંબાની એવાય દાદાભાઈ ટેક્નિકલ ઇન્સિટ્યુટમાં એ ન્ટરપ્રે ન્યુ ચર શીપ અવેરનેસ(સાહસિકતા જાગૃત્તિ) વિષય પર આજે મંગળવારે એક વર્કશોપ યોજાયો હતો. જેમાં ચીફ ગેસ્ટ તરીકે સુરત કેપી એનર્જી લિ.(કેપીગ્રુપ)ના મેનેજિંગ ડિરેક્ટર અને ચેરમેન ફારુકભાઈ પટેલે ઉપસ્થિત વિદ્યાર્થીઓને સક્સેસ મંત્ર આપતા જણાવ્યું હતું કે સફળતા તે ફક્ત નસીબથી જ નથી મળતી પણ તે તો માણસે મેળવેલી મહેનતનું પરિણામ છે. બે અક્ષરનું લક, અઢી અક્ષરનું ભાગ્ય, ત્રણ શબ્દનું નસીબ, સાડા ત્રણ અક્ષરનું કિસ્મત કરતા ચાર અક્ષરની મહેનત હંમેશા પરિણામલક્ષી અને કાયમી સક્સેસ આપનારી સાબિત થાય છે. તે માટે ગોલ નક્કી કરી સાચી દિશામાં પ્રયાસ કરવાની જરૂર છે. ફારુકભાઈએ તેમના જીવનનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, હું ૧૨૦૦૦ પગાર ધરાવતા બસ કન્ડક્ટરનો પુત્ર છું અને ૧૨ કક્ષા ફેઈલ છું. સ્કૂલમાં આખરી બેંચ પર બેસતો હતો. પરંતુ મગજમાં કંઈ બનવાની ઈચ્છા હતી અને મેં ડિપ્લોમામાં એડમિશન મેળવ્યું. શરૂઆત કેપી ટ્રાન્સપોર્ટથી કરી અને બાદમાં કેપી કન્સ્ટ્રક્સન અને બિલ્ડકોમ શરૂ કરી. આજે સોલારિઝમ અને કેપી એનર્જી લિ.ની ૨૫૦ કરોડના ટર્નઓવર, બીએસસીમાં લિસ્ટિંગવાળી કંપનીનો મેનેજિંગ ડિરેક્ટર છું. લગન અને આપણાપણાંથી કરેલું કાર્ય ક્યારેય વિફળ થતું નથી. નોકરી હોય કે બિઝનેસ સક્સેસને વહેંચો. નોકરીમાં તમારા બોસને ક્રેડિટ આપો તો બિઝનેસમાં તમારા સ્ટાફને ક્રેડિટ આપી તેમને યોગ્ય ભથ્થું આપો. તેમણે વોરેન બફેટ, ધીરુભાઈ, બિલ ગેટ્સના ઉદાહરણ આપતા વિદ્યાર્થીઓને ક ું હતું કે, કુદરતે તેમને પણ એક માથું, એક દિમાગ, બે હાથ-પગ આપ્યા છે અને તે આપણી પાસે પણ છે. જેથી ગરીબી-નસીબની લાચારીના બહાના ધરી બેસી ન રહો પણ આગળ વધો. જરૂર સફળતા કદમ ચુમશે.

## ફેઈલ એ ફર્સ્ટ એટેમ્પ ઇન લર્નિંગ છે: શહીદુલ હસન

ઈસરોના એક્સ સાયન્ટિસ અને કેપી ગ્રુપના સીઈઓ શહીદુલ હસને વિદ્યાર્થીઓને મોટિવ કરતા જણાવ્યું હતું કે ફેઈલ એ ફર્સ્ટ એટેમ્પ ઈન લર્નિંગ છે. તેનાથી નાસીપાસ થવું નહીં પણ તેનાથી શીખ લઈ આગળ વધવું જોઈએ. તેમણે થોમસ એલ્વા કે જેણે બલ્બની શોધ કરી હતી તેના બાળપણના ફની ઈમેજિનેશનના ઉદાહરણ આપ્યા હતા અને ક ું હતું કે જે બાળપણમાં દરેક બાબત પર સવાલો પૂછતો હતો અને તેનાથી ત્રાસી પ્રિન્સિપલે તેને શાળામાંથી ઉઠાડી લેવા તેની માતાને સૂચન કર્યું હતું તેણે મોટા થઈ બલ્બની શોધ કરી દેખાડી. ઈમેજિનેશનથી ઈનોવેશનની શરૂઆત થાય છે. આઉટ ઓફ બોક્સ વિચારો અને તેને પામવા ગોલ લખી લઈ તે દિશામાં આગળ વધો. જોબ લેવાવાળા નહીં, દેવાવાળા બનો. કાર્યક્રમમાં ન્યૂઝલેટરનું પણ ઓપનિંગ કરવામાં આવ્યું હતું